મહત્તમ : ૨૬.૬ ડીગ્રી
લઘુતમ : ૧૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૦ ટકા

ગાંધીનગર તાપમાન

ડમ્પીંગ સાઈટના શ્રમિકોને ગરમ વસ્ત્રોનું વિતરણ

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં ગંદકીનો નિકાલ કરવા માટે ઘણા અભિયાન ચાલી રહ્યા છે ત્યારે ગાંધીનગર સે-૩૦ અંતિમધામ પાછળના ડમ્પીંગ સાઈટ પાસે સમગ્ર ગાંધીનગરનો કચરો એકત્રિત થઈ રહ્યો છે તથા દુર્ગંધ આવી રહેલ હોવાથી ડમ્પીંગ સાઈટ પર કામ કરતા શ્રમિકો અને કચરો વીણી રોજી રોટી કમાતા શ્રમિકોની મુલાકાત ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવી હતી. આ મુલાકાતમાં મશીનરીનો સદઉપયોગ ઝડપથી થાય અને અંતિમધામ ખાતેની દુર્ગંધ ઝડપથી દૂર થાય તે માટે મહાનગરપાલિકા પ્રયાસમાં હોવા છતાં ગતિશીલતા લાવી પાવર ઝડપથી મળે અને પ્રદુષણ શુધ્ધ કરવાના સાધનો મુકાય

તેવી વાત કરવામાં આવી હતી.

શ્રમિકોની મુલાકાતે અરૂણ બુચ, કિશોર જીકાદરા, પ્રદીપ સોલંકી, ભાનુભાઈ દવે, સીતારામ પટેલ, સુધીર દેસાઈ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, ભુપેન્દ્રભાઈ ઉપસ્થિત રહ્યા હતા તથા અનેક કચરાનું વર્ગીકરણ, ખાતર બનાવવા માટેની યોજના અને પ્લાસ્ટીક વેસ્ટ જોઈ ત્યાંના રહીશોને પ્લાસ્ટિકથી દૂર રહેવા અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત અહીંના શ્રમિકોને ધાબળા, મહિલાઓને સ્કાર્ફ અને ટોપી જેવા ગરમ કપડાંનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અગાઉ વનચેતના ખાતે વન વિસ્તરણનું કામ કરતા શ્રમિકોને પણ ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સેનેટરી ઈન્સ્પેકટર ખરાડીભાઈ, ડાભીભાઈ, જીલુભા ધાંધલ, કિરણસિંહ, બી.એ. શુકલ, સીતારામ પટેલ, ભરત દિક્ષીત પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, શશીકાંત મોઢા અને પ્રદિપ સોલંકીના જણાવ્યા મુજબ ૧૯૯૪થી આજ દિન સુધીમાં કુલ ૧,૮૨,૫૦૦ જરૂરતમંદોને સહાય પહોંચાડવામાં આવી છે.

સાયન્સ સિટી ખાતે ૩ હજારથી વધુ જિજ્ઞાસુઓએ સૂર્યગ્રહણ નિહાળ્યુ

ગાંધીનગર, તા. ૨૬

આંશિક સૂર્યગ્રહણના નિમિત્તે ડિપાર્ટમેંટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીએ સાયન્સ સિટી અને ગુજકોસ્ટના સહયોગથી એક વિશિષ્ટ કાર્યક્રમનુ આયોજન કર્યું હતું. જેને નોંધપત્ર પ્રતીભાવ મળ્યો હતો. સાયન્સ સિટી ખાતે ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, વિજ્ઞાન રસિયાઓ અને ઘણા મુલાકાતીઓ આ અદભૂત ઘટનાના સાક્ષી બન્યા હતા. આ ૨૦૧૯ની છેલ્લી મોટી અવકાશી ઘટના હતી. સવારના ૮.૫ થી શરૂ કરી લગભગ ૩ કલાક સુધી લોકો આ અવકાશી દ્રશ્યને માણી શક્યા હતા. જો કે અમદાવાદમાં નાગરિકો આંશિક સૂર્યગ્રહણ જ નિહાળી શક્યા હતા.

વિજ્ઞાનના જિજ્ઞાસુઓએ સ્થળ પર મૂકવામાં આવેલા ત્રણ ટેલિસ્કોપ અને સૂર્યગ્રહણ જોઈ શકાય તેવા ચશ્માથી સૂર્યગ્રહણ જોયું હતું. તે ઉપરાંત વૈજ્ઞાનિક સાથે ખાસ અવકાશ સંબંધિત સવાંદાત્મક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ઈસરોના રિટાયર વૈજ્ઞાનિક ડૉ.સી.એમ. નાગરાની અને વિજ્ઞાન પ્રસાર, દિલ્હીના ભુતપૂર્વ ડાયરેક્ટર ડૉ. વિનય કાંબલેએ મુલાકાતીઓને આ ભવ્ય આકાશી દ્રશ્ય વિષે જીણવટપૂર્વક માહિતી આપી હતી.

મોટી સંખ્યામાં ભેગા થયેલા શાળાના વિદ્યાર્થીઓને સોલર કીટ બનાવવામાં અને વહેચવામાં આવી હતી જેમાં સૂર્યગ્રહણ, સૂર્યગ્રહણ કેવી રીતે જોવું, ચશ્માનો ઉપયોગ વગેરે વિષે માહિતી આપી હતી.

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૨ ડિસેમ્બરના રોજ સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રોત્સાહન પુરું પાડવા અમદાવાદના જ્ઞાતિજન અને પર્યાવરણ સંરક્ષક ગૌરાંગભાઈ પુષ્પકભાઈ ઓઝા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મંત્રી પ્રશાંતભાઈ ઝા, કાર્યકારી પ્રમુખ પરેશ ત્રિવેદીનો ફાળો રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન જયેશભાઈ જી. દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે ખેલ મહાકુંભમાં વિજેતા જિલ્લાના ખેલાડીઓને પ્રમાણપત્ર એનાયત કરાશે

ગાંધીનગર, તા.૨૬

રાજયમાં ખેલમહાકુંભની પૂર્ણાહુતી થઈ ચુકી છે. ખેલ મહાકુંભની વિવિધ રમતોની રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ગાંધીનગર જિલ્લાના યશસ્વી ખેલાડીઓને પ્રથમ, દ્વિતિય તથા તૃતીય સ્થાને વિજેતા થવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવાનો વિતરણ કાર્યક્રમ તા. ૨૮મી ડિસેમ્બરે બપોરે ૩ કલાકે સેકટર-૭ ખાતે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના રાજય કક્ષાએ વિજેતા ખેલાડીઓને ઉપસ્થિત રહેવા જિલ્લાના સિનિયર કોચ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

સેકટર-૭માં સરકારી પ્રાથમિક શાળાની સામે વિશાળ લીમડાનું વૃક્ષ આવેલું છે. આ વૃક્ષની આડશમાં લાઈટનો થાંભલો છુપાઈ ગયો છે. જેના કારણે રોડ પર પ્રકાશ પડતો નથી. લીમડાના ડાળાને ઓછા કરી આ સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

અવસાન નોંધ

● સે-૧-બી પ્લોટ નં. ૨૧૦/૧ ખાતે રહેતા ભાવનાબેન કે. ત્રિવેદી ઉ.વ. ૬૩નું તા. ૨૫ ડિસેમ્બરના રોજ દુઃખદ અવસાન થયું છે.

આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઓન ડ્યુટી પંચકર્મ ચિકિત્સા કરાવી શકશે

ગાંધીનગર, તા. ૨૬

વિશ્વની સૌથી પ્રાચીનત્તમ અને સંપૂર્ણ ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદ જે શરીરમાંથી બધા રોગને દૂર કરીને વ્યક્તિની શારિરીક અને માનસિક રીતે સ્વસ્થ અને નિરોગી બનાવે છે. આ વાતને ધ્યાનમાં લઈને સરકાર દ્વારા આરોગ્ય વિભાગ હસ્તકના તમામ કર્મચારીઓને પંચકર્મી ચિકિત્સા માટે આઠ દિવસનો સમય અને ફરજ ઉપર હાજર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જ સરકાર દ્વારા આરોગ્ય ખાતાના કર્મચારીઓને વિપસ્ય માટેની રજાની મંજુરી પણ આપવામાં આવી હતી.

આયુર્વેદની પ્રાથમિક શુદ્ધિકરણ અને ડિટોકિસ કિટોકિસ ફિકેશન સંબંધિત સારવાર અને પંચકર્મ જેમાં પાંચ પ્રકારના રોગ વમન, વિરેચન, નશ્ય, બસ્તી અને રક્ત મોહી નિવારણ કરવામાં આવે છે. જેનાથી શરીરમાંથી તણાવ અને સ્ટ્રેસ દૂર થાય છે. રોગો સાથે વાતપિત કફ સંકિલિત તથા શારીરિક અને રોગપ્રતિકારક સાથે બીડી, સિગારેટ, તમાકુ જેવા વ્યસનો પણ દૂર થાય છે તેમ આયુર્વેદમાં જણાવ્યુ છે.

ભારતીય આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ, પંચકર્મને પ્રોત્સાહન આપવા તથા સારવાર કરાવવા ઈચ્છતા અધિકારી/કર્મચારીઓ ને પંચકર્મની સારવારને ફરજના ભાગરૂપે ગણી ૮ દિવસની ઓન ડ્યુટી સારવારના સમયને ફરજ પર હાજર ગણવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળના તમામ પ્રભાક હેઠળની કચેરીઓના અધિકારીઓ કર્મચારીઓને પંચકર્મની સારવાર લેતા પહેલા સક્ષમ અધિકારીની મંજૂરી લેવાની રહેશે. આ સારવાર દરમિયાન તેમના રજા અને પગાર કપાશે નહી પરંતુ જો આઠ દિવસની સારવાર પૂરી કર્યા તથા કર્મચારી અધવચ્ચેથી આ સારવાર છોડી દે તો તે રજા તેમની જમા રજામાંથી કાપવામાં આવશે તેમ આરોગ્ય વિભાગના પરિપત્રમાં જણાવાયુ છે.

ફુડાસણ પાસેથી વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એલસીબી-૨ ના અ.પો.કો.સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ઈન્ફોસીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે ફુડાસણ ગામમાં ભોઈણીવાળા વાસ ખાતે રહેતો પોપટજી ધુળાજી ઠાકોર (ઉં.વ.૩૫) ફુડાસણ વિસ્તારમાં ઉતર ગુજરાત વિજ કંપની પાસે આવેલી ગૌચરની જમીનમાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. જેને પગલે પોલીસે રેઈડ પાડીને પોપટજી ઠાકોરને પકડી પાડી તેમની પાસેથી વરલી મટકાનું સાહિત્ય, રોકડ રકમ રૂ.૧૭૦૦ તેમજ મોબાઈલ ફોન-૧ કિં.રૂ.૫૦૦ મળી કુલ રૂ.૨૨૦૦ તેમજ જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

'વૉઈસ ઓફ રફી' બંકિમ પાઠકના લાઈવ પરફોર્મન્સ સાથે સ્વ. રફી સાહેબને સ્વરાંજલિ અર્પણ કરાઈ

શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજિત કાર્યક્રમમાં જાણીતા ગાયક કલાકારો સાથે ગાંધીનગરના ઉભરતા કલાકારોનું પરફોર્મન્સ : સંગીત સ્પર્ધા-૨૦૧૯ના ૧૪ વિજેતા કલાકારોને ટ્રોફી આપી સન્માનિત કરાયાં

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં તા. ૨૪મી ડિસેમ્બર મંગળવારે રાત્રે ટાઉનહોલ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી હિન્દી ફિલ્મ જગતના મશહુર પાર્શ્વગાયક સ્વ. મોહમ્મદ રફીની ૯૫મી જન્મજયંતિ નિમિત્તે 'વૉઈસ ઑફ રફી' તરીકે જાણીતા બંકિમ પાઠકનો લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ દરમ્યાન છેલ્લા બે માસથી આયોજિત 'સંગીત સ્પર્ધા ૨૦૧૯'ના વિજેતાઓને ટ્રોફી આપી સન્માનવામાં આવ્યા હતા.

'વૉઈસ ઓફ રફી' બંકિમ પાઠક સહિત દક્ષા ગોહિલ, સુરિલ પાઠક, વર્ષા કુલકર્ણી જેવા અનુભવી કલાકારો ઉપરાંત શ્રી મનોરંજન સ્ટુડિયોના ઉભરતા કલાકારો શ્રવણકુમાર પરમાર, જનકબા પરમાર, આર.કે. રાવલ અને ભરત વાણિયાએ પણ સુરિલા

પરફોર્મન્સ દ્વારા શ્રોતાઓના દિલ જીતી લીધાં હતા. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન જાણીતા સ્ટેજ એન્કર મોહસીનખાને કર્યું હતું જયારે ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન કિરીટકુમાર અગ્રાવત અને હસમુખ મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું કાર્યક્રમને હેરિસ ક્રિશ્ચિયનની ઓરકેસ્ટ્રા ટીમે સુમધુર લાઈવ પરફોર્મન્સ આપીને સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો. કાર્યક્રમનું આયોજન ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા કરવામાં આવ્યું હતું.

બંકિમ પાઠકના લાઈવ પરફોર્મન્સ સહિત તમામ કલાકારોએ સ્વ. રફી સાહેબના અનેક મશહુર ગીતોની પ્રસ્તુતિ કરીને શ્રોતાઓની તાળીઓના ગડગડાટ અને હર્ષની ચિચિયારીઓ સાથે પ્રસંશા પ્રાપ્ત કરી હતી. આ પ્રસંગે સ્વ. રફી સાહેબના જન્મદિનની કેક કાપી તેમને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના તમામ ગીતોની લાઈવ સ્ક્રીન દ્વારા વિઝ્યુઅલ પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી જેના કારણ ગીતોની પ્રસ્તુતિ વધુ અસરકારક બની હતી. આ સાથે જુનિયર દેવાનંદ તરીકે જાણીતા અશોક પ્રજાપતિએ સ્વ. દેવાનંદના ગીતો પર હોલમાં સ્વ. દેવાનંદના હુબહુ ગેટઅપમાં તેમનો અંદાજ પ્રસ્તુત કરી પ્રેક્ષકોને રોમાંચિત કર્યા હતા. કાર્યક્રમમાં શ્રી મનોરંજન સ્ટુડિયોને સમગ્ર વર્ષ દરમિયાન મદદરૂપ થનાર તમામ સ્પોન્સર્સ તથા અન્ય વિભૂતિઓને પણ સન્માનિત કરવામાં આવી હતી. સ્વ. રફી સાહેબને ૯૫મી જન્મજયતિએ સ્વરાજંલિ અર્પણના આ કાર્યક્રમને મોટી સંખ્યામાં પ્રેક્ષકોએ અંત સુધી માણી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ક્રિસમસ વેકેશન અને વિન્ટર કેમ્પમાં યોગગુરૂ રૂપા દવે તરફથી સેકટર-૨ સી ખાતે આવેલી ચાણક્ય પ્રિ સ્કુલના બાળકો યોગની તાલિમ મેળવી રહ્યા છે. જયારે યોગના વિવિધ આસનો કરતા બાળકોને જોઈ સૌ કોઈ આનંદિત થઈ ગયા હતા.

રૂપાલ કેળવણી મંડળ સંચાલિત વરદાયિની હાઈસ્કૂલ રૂપાલને ૬૦ વર્ષ પૂરા થતા ઉજવણી રૂપે તા. ૨૮ અને ૨૯ ડિસેમ્બરના રોજ હીરક મહોત્સવ ઉજવાશે. જેની પૂર્વ ભૂમિકા રૂપે મશાલ સાથેની કેળવણી કુંભયાત્રા શાળાએથી નીકળી સમગ્ર ગામમાંથી પસાર થઈ હતી. જેમાં રૂપાલ કેળવણી મંડળ, ગ્રામજનો, વાલીઓ, શાળાના વિદ્યાર્થીઓ, રૂપાલ કુમાર અને કન્યાશાળાના વિદ્યાર્થીઓ, સ્ટાફ મિત્રો તેમજ વરદાયિની હાઈસ્કૂલ પરિવાર ઉત્સાહપૂર્વક જોડાયા હતાં.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

ગુડ ન્યુઝ
૮.૫૫, ૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૪.૪૫, ૫.૩૦, ૬.૧૫, ૭.૪૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫

દબંગ-૩
૧૦.૦૫, ૧.૧૫, ૪.૨૫, ૭.૪૦, ૯.૫૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૨.૨૫, ૧૦.૪૫

મર્દાની-૨
૧૨.૧૦, ૭.૩૫

પતિ પત્નિ ઔર વો
૯.૩૦, ૫.૦૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

ગુડ ન્યુઝ
૮.૫૫, ૯.૫૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૪૫, ૨.૪૫, ૩.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫

દબંગ-૩
૯.૩૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૧૦.૦૦, ૭.૪૦

પતિ પત્નિ ઔર વો
૧૦.૧૫

મર્દાની - ૨
૧૨.૩૫, ૫.૨૫

સિટી પલ્સ, ફુડાસણ

દબંગ-૩
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦

મર્દાની
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

પતિ, પત્નિ ઔર વો
૨.૪૫, ૭.૩૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

ગુડ ન્યુઝ
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

દબંગ-૩
૯.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૧૨.૦૦, ૬.૦૦

મર્દાની-૨
૧.૦૦

પતિ પત્નિ ઔર વો
૩.૦૦

ચિરવિદાય

● સ્વ. શાંતાબેન પ્રેમજીભાઈ પરમાર, ઉ.વ. ૮૦
● સ્વ. રૂડીબેન જયંતિભાઈ દેવીપુજક, ઉ.વ. ૨૦
● સ્વ. રાણા રતનબેન મનજીભાઈ, ઉ.વ. ૬૭

મધ્યાહન ભોજન યોજના કર્મચારી એકતા મંચ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાશે

મધ્યાહન ભોજન યોજના કર્મચારી એકતા મંચ ગુજરાત દ્વારા આગામી તા.૨૯-૧૨-૧૯ ને રવિવારના રોજ સેકટર-૨૦ રંગમંચ ખાતે બપોરના ૧.૩૦ કલાકે થી સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. મધ્યાહન ભોજન યોજના કર્મચારી એકતા મંચના સૌ હોદેદારોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજયસભાના સાંસદ જુગલભાઈ લોખંડવાલા, વિરાજસિંહ રાજપૂત (ઉપાધ્યક્ષ, પ્રધાનમંત્રી જનકલ્યાણ યોજના પ્રચાર પ્રસાર અભિયાન) તેમજ આમંત્રિત મહેમાન તરીકે સમસ્ત બ્રહ્મ સમાજના કન્વીનર ડો.યજ્ઞેશભાઈ દવે, પૂર્વ આઈપીએસ ડી.જી.વણઝારા, ગોપાલક વિકાસ સંઘના ચેરમેન રમેશભાઈ ભરવાડ સહિતના નામી અનામી આગેવાનો ઉપસ્થિત રહેશે તેમ સંસ્થાના પિયુષ વ્યાસ તેમજ કિશોરચંદ્ર જોષી એ અનુરોધ કર્યો છે.